# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગિની સોનારા વાંચે છે.

****************************************************

**1)** **લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ લોકસભામાં, વક્ફ સુધારા વિધેયક રજૂ કર્યું.**

**2)** **કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ યુવાનોને રાષ્ટ્રપ્રથમની ભાવના સાથે કામ કરવા અપીલ કરી.**

**3)** **અમેરિકા આજથી આયાતી ચીજવસ્તુઓ પર પારસ્પરિક ટેરિફ લાદશે**

**4)** **ગુજરાત, ઓડિશા, મધ્ય મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં આગામી બેથી ત્રણ દિવસ સામાન્ય વરસાદની આગાહી.**

**5)** **IPL ટી-20 ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મુકાબલો.**

..............................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# PM PRAYER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચૈત્રી નવરાત્રિના પાવન અવસરે સોશિયલ મીડિયા પર મા દુર્ગાની એક સ્તૂતિ શૅર કરી છે. શ્રી મોદીએ મા દુર્ગાના વિવિધ સ્વરૂપને સમર્પિત આ સ્તૂતિ સાંભળવા સૌને આગ્રહ કર્યો છે.

ચૈત્રી નવરાત્રિના પાંચમા દિવસે માતા સ્કંદમાતાની પૂજા કરવામાં આવે છે. ભગવાન શિવ અને માતા પાર્વતીના પુત્ર કાર્તિકેયને સ્કંદ તરીકે પણ ઓળખવામાં આવે છે. ભગવાન સ્કંદને માતા પાર્વતીએ તાલીમ આપી હતી. સ્કંદમાતા હિમાલયનાં પુત્રી પાર્વતી છે. તેમનું વાહન સિંહ છે, જે શક્તિ અને નાના સ્કંદ સાથે માતાનો અનોખો સંગમ દર્શાવે છે તેમને મહેશ્વરી અને ગૌરી તરીકે પણ ઓળખવામાં આવે છે. સ્કંદમાતાને શક્તિ, સાહસ અને જ્ઞાનની દેવી માનવામાં આવે છે.

. . . . . . . . . . . . . . . .

# PAR WAQF REAX

લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ આજે વક્ફ સુધારા વિધેયક વિચારણા માટે અને પસાર કરવા લોકસભામાં રજૂ કર્યું. વિધેયક રજૂ કરતા શ્રી રિજિજુએ જણાવ્યું કે, આ વિધેયકને મુસ્લિમોના ધાર્મિક સ્થળો સાથે કોઈ સંબંધ નથી અને તે વક્ફ બોર્ડની મિલકતો સાથે જ

સંકળાયેલું છે. તેમણે જણાવ્યું કે, સરકાર વક્ફ બોર્ડને સમાવેશી અને સાંપ્રદાયિક બનાવવા માંગે છે.

## (બાઈટઃ કિરેન રિજિજૂ)

સામાજિક ન્યાય રાજ્યમંત્રી બી. એલ. વર્માએ કહ્યું, વિધેયક મુસલમાન સમુદાયના હિતમાં છે. તેમણે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સૌના સાથ, સૌના વિકાસની ભાવનાથી કામ કરે છે.

કૉંગ્રેસ સાંસદ પ્રમોદ તિવારીએ કહ્યું, તમામ વિરોધ પક્ષે વક્ફ સુધારા વિધેયકમાં સુધારાનું સૂચન આપ્યું હતું, પરંતુ સરકાર સંમત ન થઈ. તેમણે કહ્યું, જો વિધેયક તે જ સ્વરૂપમાં આવશે તો આ ભારતીય બંધારણની મૂળ ભાવનાની વિરુદ્ધ છે.

સમાજવાદી પાર્ટીના સાંસદ અખિલેશ યાદવે કહ્યું, તેમનો પક્ષ વિધેયકનો વિરોધ કરશે. તેમણે આક્ષેપ લગાવ્યો કે, ભાજપ વક્ફની જમીનને પણ રેલવે અને સંરક્ષણની જમીનની જેમ વેચી દેશે.

ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી-એમ-ના સાંસદ જૉન બ્રિટાસે આક્ષેપ કર્યો કે, વક્ફ સુધારા વિધેયકનો ઉદ્દેશ સમાજમાં ધ્રુવિકરણ ઉત્પન્ન કરવાનો છે અને વિરોધ પક્ષ આ વિધેયકનો વિરોધ કરશે.

--------------------

# MANDAVIYA - YOUTH PARLIAMENT

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ દેશના યુવાનોને રાષ્ટ્રપ્રથમની ભાવના સાથે કામ કરવા અપીલ કરી છે. નવી દિલ્હીમાં આજે વિકાસિત ભારત યુવા સંસદને સંબોધતા ડૉ.

માંડવિયાએ જણાવ્યું, દેશના યુવાનો ભારતને વિકસિત દેશ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

આ બે દિવસીય કાર્યક્રમનો વિષય વિકસિત ભારત છે. શ્રી માંડવિયાએ કહ્યું, આ યુવાઓને દેશના 300 જિલ્લાઓમાંથી પસંદ કરાયા છે અને યુવા સંસદ દેશના લોકશાહીને સમજવાની તક આપશે.

વિકસિત ભારત યુવા સંસદ કાર્યક્રમ યુવાનોને રાજકારણ અને જાહેર નીતિ સાથે જોડવા એક શક્તિશાળી મંચ તરીકે કામ કરે છે, જે શાસન અને રાષ્ટ્ર નિર્માણમાં તેમની ભાગીદારીને પ્રોત્સાહન આપે છે. આ પહેલ દ્વારા ઉત્પન્ન થયેલા વિચારો અને ચર્ચાઓ યુવાનોની આગેવાની હેઠળની નીતિગત ભાગીદારી અને રાષ્ટ્રીય પ્રગતિના નવા યુગનો માર્ગ મોકળો કરશે.

. . . . . . . . . . . . . . . .

# JK AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાત અને આઠ એપ્રિલે સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કરવા જમ્મુ-કાશ્મીરના પ્રવાસે રહેશે. દરમિયાન શ્રી શાહ સુરક્ષાકર્મીઓ સાથે સંવાદ કરશે.

શ્રી શાહ પ્રવાસ દરમિયાન વર્તમાન કાયદા અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ સ્તરની સુરક્ષા સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરશે. આ બેઠકમાં પોલીસ, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ અને ગુપ્તચર સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહેશે. આ ચર્ચાઓ

આતંકવાદ વિરોધી કામગીરી અને સરહદ પારથી ઘુસણખોરીના પ્રયાસ કેન્દ્રિત રહેવાની શક્યતા છે.

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું, શ્રી શાહ પોતાના પ્રવાસ દરમિયાન વિવિધ વિકાસકાર્યોનું પણ ઉદ્ઘાટન કરશે.

. . . . . . . . . . . . . . . .

# JK SEARCH OPERATION

જમ્મુ-કાશ્મીરમાં સલામત દળોએ કઠુઆ જિલ્લાની ખીણ અને બિલાવરના પર્વતો વચ્ચે પંજતિર્થિ વિસ્તારમાં સતત બીજા દિવસે તપાસ અભિયાન હાથ ધર્યું છે. અમારા સંવાદદાતાએ જણાવ્યું કે, ગત રાત્રે સલામત દળો અને આતંકવાદીઓ વચ્ચે ગોળીબાર બાદ તપાસ અભિયાન શરૂ કરાયું છે.

પોલીસ મહાનિદેશક નલિન પ્રભાત અને પોલીસ મહાનિરીક્ષક ભીમસેન ટૂટીએ ગઈકાલે બિલાવર પાસે પંજતિર્થિની મુલાકાત લીધી અને તપાસ અભિયાનની પણ સમીક્ષા કરી. સેના, રાષ્ટ્રીય સલામતી દળ, જમ્મુ કાશ્મીર પોલીસ અને અર્ધસૈનિક બળ દ્વારા ખીણ, પંજતિર્થિ અને બિલાવરના જંગલોમાં વિવિધ જગ્યાએ સંયુક્ત તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

ગયા સપ્તાહે હીરાનગર ક્ષેત્રના સાન્યાલ ગામમાં ગ્રામ્ય વિસ્તારોમાં કુલ પાંચ આતંકવાદી દેખાયા હતા. તેઓ ગત ગુરુવારે કઠુઆ જિલ્લાની ખીણના જંગલોમાં સફિયાન જાખોલેમાં ફરીથી દેખાતા ગોળીબાર થયો

**હતો, જેમાં બે આતંકવાદી ઠાર મરાયા અને ચાર પોલીસકર્મી શહીદ થયા હતા.**

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# TRUMP- TARIFFS

**અમેરિકાએ પુષ્ટિ કરી છે કે, રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આજથી નવા ટેરિફ લાદશે. વ્હાઇટ હાઉસના પ્રવક્તા કેરોલિન લેવિટે જણાવ્યું કે, રાષ્ટ્રપ્રમુખની જાહેરાત પછી તરત જ અમેરિકન વસ્તુઓ પર ટેરિફ લાદનારા દેશો પર પ્રતિક્રિયાત્મક ટેરિફ લાગુ થશે. જ્યારે ઓટો આયાત પર 25 ટકા ટેરિફ આવતીકાલથી લાગુ થશે.**

**અગાઉ શ્રી ટ્રમ્પે 2 એપ્રિલને સ્વતંત્રતા દિવસ તરીકે જાહેર કર્યો હતો, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ટેરિફ અમેરિકાને વિદેશી વસ્તુઓ પરની નિર્ભરતામાંથી મુક્ત કરશે. તેમણે કહ્યું, બધા દેશને નિશાન બનાવવામાં આવશે. વ્હાઇટ હાઉસના વેપાર સલાહકાર પીટર નાવારોએ**

કહ્યું કે, નવા ટેરિફથી કર આવકમાં વાર્ષિક 600 બિલિયન ડોલરનો ઉમેરો થશે, જે બીજા વિશ્વયુદ્ધ પછીનો સૌથી મોટો કર વધારો છે.

. . . . . . . . . . . . . . . .

# IMPEACHMENT- SOUTH KOREA

અમેરિકન રાજદૂત ભવને દક્ષિણ કોરિયામાં રહેતા તેમના નાગરિકોને રાષ્ટ્રપ્રમુખ યૂન સુક યેઓલના મહાભિયોગ પર શુક્રવારે બંધારણીય અદાલતના ચુકાદા પહેલા પ્રદર્શનોથી દૂર રહેવાની સલાહ આપી છે. સર્વોચ્ચ અદાલત ત્રીજી ડિસેમ્બરે માર્સલ-લો લાદવા બદલ યૂન સુક યેઓલના મહાભિયોગ પર ચુકાદો આપવાની છે.

ચીનના રાજદૂત ભવને સંભવિત આત્યંતિક ઘટનાઓની ચેતવણી આપી છે. યૂન સુક યેઓલના મહાભિયોગ કેસ પહેલા દક્ષિણ કોરિયાની પોલીસે સિઓલમાં 14 હજાર સૈન્ય કર્મચારીઓને તૈનાત કર્યા છે.

. . . . . . . . . . . . . . . .

# MAHARASHTRA ACCIDENT

મહારાષ્ટ્રમાં આજે એક માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના મોત નીપજ્યાના અહેવાલ છે. મળતી માહિતી મુજબ, શાહપુર-બુલઢાણા રાષ્ટ્રીય રાજમાર્ગ પર ત્રણ વાહન, બે બસ અને એક કાર એકબીજા સાથે અથડાતા આ દુર્ઘટના સર્જાઈ હતી.

આ ગમખ્વાર અકસ્માતમાં પાંચ લોકોના ઘટનાસ્થળે મોત અને 26 લોકો ઈજાગ્રસ્ત થયા છે. તમામ ઈજાગ્રસ્તોને શાહપુરના પ્રાથમિક આરોગ્ય

કેન્દ્ર મોકલવામાં આવ્યા છે. શાહપુર પોલીસને આ દુર્ઘટના અંગેની માહિતી આપવામાં આવી અને ઘટનાસ્થળે એક તપાસ ટુકડી પણ મોકલવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં ટેમ્પો પૂરઝડપે આવતો હોવાનું જણાયું છે.

. . . . . . . . . . . . . . .

## WEATHER

ભારતીય હવામાન વિભાગે દક્ષિણ ભારતના કેટલાક દરિયાકાંઠાના વિસ્તારોમાં આજે ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે કેરળ, માહે અને કર્ણાટકમાં આજે અને આવતીકાલે તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ અને કર્ણાટકમાં ભારે વરસાદની શક્યતા છે.

દરમિયાન આગામી બેથી ત્રણ દિવસ ગુજરાત, ઓડિશા, મધ્ય મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશના દરિયાકાંઠામાં, યનમ અને રાયલસીમામાં ભારે પવન ફૂંકાવવાની અને સામાન્ય વરસાદ વરસી શકે છે. ગુજરાતના સૌરાષ્ટ્ર અને કચ્છ ક્ષેત્રમાં આજે ગરમ હવા ફૂંકાવવાની પણ શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ, આગામી સાત દિવસ સુધી દેશના ઉત્તર-પશ્ચિમ ભાગોમાં મહત્તમ તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.

. . . . . . . . . . . . . . .

## IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મૅચ રમાશે. બેંગ્લોરના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાનારી આ મૅચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

લખનઉના એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં પંજાબ કિંગ્સે ગઇકાલે લખનઉ સુપર જાયન્ટ્સને આઠ વિકેટથી હરાવ્યું. પહેલા બેટિંગ કરતાં લખનઉની ટીમે નિર્ધારિત 20 ઑવરમાં સાત વિકેટ ગુમાવી 171 રન બનાવ્યા હતા. જવાબમાં પંજાબની ટીમે 16 ઑવર અને બે બૉલમાં બે વિકેટ ગુમાવી આ લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો હતો.

. . . . . . . . . . . . . . .

# NIARIKA-EQUESTRIAN-GOLD

યુવા ભારતીય ખેલાડી નિહારિકા સિંઘાનિયાએ બેલ્જિયમમાં આયોજિત પ્રતિષ્ઠિત એઝેલહોફ સીએસઆઈ લિયર અશ્વારોહણ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો  છે.

અગ્રણી ઉદ્યોગપતિ ગૌતમ સિંઘાનિયાનાં મોટા પુત્રી નિહારિકાએ સુવર્ણ ચંદ્રક જીતવા આંતર-રાષ્ટ્રીય સાથીઓ સાથે સ્પર્ધા કરતી વખતે અસાધારણ પ્રતિભા અને હિંમત દર્શાવી. એક નિવેદનમાં, નિહારિકાનાં પરિવારે જણાવ્યું કે, આ જીત માત્ર નિહારિકા માટે વ્યક્તિગત જીત નથી, પણ સમગ્ર ભારતના વિદ્યાર્થીઓ માટે એક શક્તિશાળી પ્રેરણા તરીકે પણ છે. નિહારિકાની સિદ્ધિ દ્રઢતા, શિસ્ત અને સખત મહેનતના મૂલ્યોનો પુરાવો છે.

. . . . . . . . . . . . . . .